# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૬ તા.૧૮-૦૬-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- આર.ઓ.યુવી(RO-UV) વોટર પ્યોરીફાયરના એન્યુઅલ મેન્ટેનન્સ કોન્ટ્રાકટ બાબત.

સંદર્ભ :- Ref:/SSA/Civil/RO-UV-2021/18791-799 Dt.9-6-2021

આથી તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, સમગ્ર શિક્ષા દ્વારા શાળાઓમાં આર.ઓ.યુવી(RO-UV) વોટર પ્યોરીફાયર આપવામાં આવેલ છે. ચાલુ વર્ષે આર.ઓ.યુવી(RO-UV) વોટર પ્યોરીફાયરના એન્યુઅલ મેન્ટેનન્સ કોન્ટ્રાકટ ઉમિયા એન્ટરપ્રાઈસ, એલએલ-૧ બાલાજી કોમ્પ્લેક્ષ, મેનેજમેન્ટ એન્કલેવ રોડ, નહેરૂ પાર્ક, અમદાવાદને આપેલ છે. (શ્રી ભાવિનભાઈ પટેલ મોબાઈલ નં.૯૩૨૮૬૦૨૬૯૪) આથી તમામ શાળાઓને આર.ઓ.યુવી ( RO-UV ) વોટર પ્યોરીફાયર સંદર્ભે ફરિયાદ અથવા રીપેરીંગ અંગે કંપનીના ઈ-મેઈલ umiya_enterprise93@yahoo.in ઉપર તરત જ જાણ કરવાની રહેશે અને તેની એક નકલ જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને આપવા જણાવવામાં આવે છે.

તા.૧૮-૦૬-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૨૬-A તા.૧૮-૦૬-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- સત્રાંત નિદાન કસોટી આધારિત સ્કૂલ રિપોર્ટ કાર્ડ બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/૨૦૨૧/સી એન્ડ ઈ/૧૨૫૭૩-૧૨૬૦૮ તા.૧૮-૦૬-૨૦૨૧

આથી તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે,જ્ઞાનસેતુ (બ્રીજકોર્સ) અંતર્ગત વિદ્યાર્થીઓને વ્યક્તિગત શૈક્ષણિક મદદ મળે અને વ્યક્તિગત ઉપચારાત્મક શિક્ષણકાર્ય થાય એ સુનિશ્ચિત કરવા દરેક ધોરણ-વિષયના રિપોર્ટ કાર્ડનો ઉપયોગ કરવો આવશ્યક છે. આ રિપોર્ટ કાર્ડ સમગ્ર શિક્ષાની વેબસાઈટ ઉપર ઓનલાઈન હાજરીના પોર્ટલ ઉપર ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. આ રિપોર્ટ કાર્ડ તમામ શિક્ષકોએ ડાઉનલોડ કરવા અને તેનો શૈક્ષણિક ઉપયોગ કરવા ચૂસ્તપણે જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૮-૦૬-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

૧૨૫૧૩-૧૨૬૦૮

સત્યમેવ જયતે
નિયામક
ડૉ. ટી. એસ. જોષી

ક્રમાંક: જીસીઇઆરટી/2021/C&E/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
'વિદ્યાભવન', સેક્ટર - 12, ગાંધીનગર
Mail: :director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 18-06-2021

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.

શાસનાધિકારીશ્રી તમામ

વિષય :- સત્રાંત નિદાન કસોટી આધારિત સ્કૂલ રિપોર્ટ કાર્ડ બાબત.

આપ સુવિદિત છો એ મુજબ તા. 16 થી 22 માર્ચ 2021 દરમિયાન યોજાયેલ પ્રથમ સત્રાંત નિદાન કસોટીની ડેટા એન્ટ્રી SARAL એપના માધ્યમ દ્વારા કરેલ હતી. ડેટાનું એનાલીસીસ કરી અને ધોરણ ૩ થી ૮ના ધોરણવાર અને વિષયવાર રીપોર્ટ કાર્ડ તેમજ વિદ્યાર્થીનાં વ્યક્તિગત રિપોર્ટ કાર્ડ, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ફોર સ્કૂલ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. રિપોર્ટ કાર્ડના અર્થઘટન અને ઉપયોગ અંગે તમામ શિક્ષકોને તા. 7-8 જુન 2021 દરમિયાન બાયસેગ મારફતે તાલીમ પણ આપેલ છે.

જ્ઞાનસેતુ (બ્રીજકોર્સ) અંતર્ગત વિદ્યાર્થીઓને વ્યક્તિગત શૈક્ષણિક મદદ મળે અને વ્યક્તિગત ઉપચારાત્મક શિક્ષણ કાર્ય થાય એ સુનિશ્ચિત કરવા દરેક ધોરણ-વિષયનાં રિપોર્ટ કાર્ડનો ઉપયોગ કરવો આવશ્યક છે.

આ રિપોર્ટ કાર્ડ સમગ્ર શિક્ષાની વેબસાઈટ ઉપર ઓનલાઈન હાજરીના પોર્ટલ ઉપર ઉપલબ્ધ કરવામાં આવ્યાં છે.

આ રિપોર્ટ કાર્ડ તમામ શિક્ષકો ડાઉનલોડ કરે અને તેનો શૈક્ષણિક ઉપયોગ કરે તે માટે આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા અને તેનું મોનીટરીંગ કરવા વિનંતી.

(સહી)
નિયામક
GCERT
ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક) , શિક્ષણ વિભાગ
- SPD શ્રી, સમગ્ર શિક્ષા
- નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ
- પ્રાચાર્યશ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ